# <u>પ્રેસનોટ</u>

## રાજયના પોલીસદળમાં પીએસઆઈ અને કોન્સ્ટેબલ સંવર્ગની
## <u>સીધી ભરતી–ભરતીની પરીક્ષા અને શારીરિક કસોટીની વિગતો</u>

રાજયના પોલીસદળમાં કુલ મળીને અંદાજે ૮૬૦૦ જેટલી ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરી લાયક અને કાર્યક્ષમ ઉમેદવારો સમાવવા માટે ટૂંક સમયમાં સીધી ભરતીની જાહેરાત કરવામાં આવનાર છે. પોલીસદળની આ ભરતીમાં

**પીએસઆઈ કક્ષાની જગ્યાઓ** :

(૧) પીએસઆઈ(અનાર્મ્ડ)

(૨) પીએસઆઈ(એસઆરપીએફ)

(૩) ઈન્ટેલીજન્સ ઓફિસર

**તેમજ કોન્સ્ટેબલ કક્ષાની જગ્યાઓ :**

(૧) કોન્સ્ટેબલ(અનાર્મ્ડ )

(૨) કોન્સ્ટેબલ(આર્મ્ડ)

(૩) કોન્સ્ટેબલ(મહિલા)

(૪) કોન્સ્ટેબલ(એસઆરપીએફ)

(૫) કોન્સ્ટેબલ(બેન્ડ)

(૬) કોન્સ્ટેબલ(ઘોડેસ્વાર)

(૭) કોન્સ્ટેબલ(સ્વાનદળ)

(૮) કોન્સ્ટેબલ(ઉંટદળ)ની સીધી ભરતી થનાર છે. આ તમામ જગ્યાઓમાં ભરતી માટે અરજી કરનાર ઉમેદવારો માટે શારીરિક ધોરણો નીચે મુજબના છે :

શૈક્ષણિક લાયકાત :

**પીએસઆઈ કક્ષાની જગ્યાઓ** : સ્નાતક અથવા તેની સમકક્ષ

**કોન્સ્ટેબલ કક્ષાની જગ્યાઓ :** ધો 12 અથવા તેની સમકક્ષ

## શારીરિક ધોરણોઃ

| | | | | |
|---|---|---|---|---|
| | આ તમામ જગ્યાઓ માટે નીચેના શારીરિક ધોરણો ઉમેદવારો સંતોષતા હોવા જોઇએ. | | | |
| ઉંચાઇ | (ક) | પુરુષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૫ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ખ) | પુરુષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૨ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો માટે |
| | (ગ) | મહિલા ઉમેદવારો | લઘુત્તમ-૧૬૦ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ઘ) | મહિલા ઉમેદવારો | લઘુત્તમ-૧૫૮ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો માટે |
| છાતી | ફકત પુરુષ ઉમેદવારો (તમામ) માટે જરૂરી | | | |
| | કુલાવ્યા વગરની ૭૯ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ.<br>કુલાવેલી ૮૪ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ. | | | |
| વજન | ફકત મહિલા ઉમેદવારો (તમામ) માટે જરૂરી | | | |
| | ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ હોવું જોઇએ. | | | |

**શારીરિક કસોટી :-** આ કસોટીના ગુણ અપાશે નહીં તે કવોલીફાઇગ ટેસ્ટ હોઇ, આ ટેસ્ટ પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે **એક જ સંયુકત શારીરિક** કસોટી યોજાશે. | | | |
| દોડ | પુરુષ (ક) | (૧) ૮૦૦ મીટર દોડ<br>(૨)૫ કિ.મી. | (૧) ૩ મીનીટ અને ૧૦ સેકંડ માં દોડવાની રહેશે. (આ દોડ નિયમાનુસાર પૂરી કરનાર પુરુષ ઉમેદવાર જ ૫ કી.મી. દોડમાં ભાગ લેશે.)<br>(૨) વધુમાં વધુ ૨૫ મિનિટમાં તમામ પુરુષ ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| | મહિલા (ખ) | ૧૬૦૦ મીટર | વધુમાં વધુ ૯ મિનિટમાં તમામ મહિલા ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| | એકસ સવિસ મેન (ગ) | ૨૪૦૦ મીટર | વધુમાં વધુ ૧૨ મીનીટ ૩૦ સેકન્ડમાં આ દોડ પુરી કરવાની રહેશે. આ ટેસ્ટ ફકત તમામ એકસ સર્વિસમેન માટે રહેશે. |

### લેખિત પરીક્ષા:-

(એ) કોંસ્ટેબલ સંવર્ગની જગ્યાઓ માટે.

આ લેખિત પરીક્ષા એક **ઓબ્જેકિટવ** પ્રશ્નપત્ર મા લેવાશે. સામાન્ય જ્ઞાન ને લગતા આ પ્રશ્ન પત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તમજ ભારતનું બંધારણ, ઇંડિયન પીનલ કોડ, સી.આર.પી.સી. અને ભારતીય પૂરાવા કાયદા ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

(બી) લેખીત પરીક્ષા

**પોલીસ સબ ઇન્સ્પેક્ટર (અનાર્મ્ડ), પ્લાટુન કમાંડર / પોલીસ સબ ઇન્સ્પેક્ટર (એસ.આર.પી.એફ.) અને ઇન્ટેલીજન્સ ઓફીસર માટે નીચેના** ચાર પ્રશ્નપત્રોની પરીક્ષા રેહશે.

| | |
|---|---|
| પ્રશ્નપત્ર–૧ | ગુજરાતી ભાષા |
| પ્રશ્નપત્ર–૨ | અંગ્રેજી ભાષા |
| પ્રશ્નપત્ર–૩ | સામાન્ય જ્ઞાન(વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| પ્રશ્નપત્ર–૪ | કાયદાકીય બાબતો<br>(૧) ભારતનું બંધારણ<br>(૨) ક્રિમીનીલ પ્રોસીજર કોડ–૧૯૭૩<br>(૩) ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦<br>(૪) એવીડન્સ એકટ–૧૮૭૨<br>(૫) ગુજરાત પોલીસ એકટ–૧૯૫૧<br>(૬) ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯<br>(૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ–૧૯૮૮<br>(૮)અનુ.જાતિ/અનુ.જનજાતિ(અત્યાચાર નિવારણ)ધારો–૧૯૮૯<br>(૯) મોટરવાહન અધિનિયમ–૧૯૮૮<br>પ્રશ્નો પ્રાથમિક જ્ઞાન ચકાશે તે કક્ષાના રહેશે. |

**પોલીસ સબ ઇન્સ્પેકટર (અનાર્મ), પ્લાટુન કમાંડર / પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.આર.પી.એફ. અને ઇન્ટેલીજન્સ ઓફીસર માટે** ઇન્ટરવ્યુ ૫૦ ગુણનું હશે.

**<u>રક્ષા શકિત યુનિવર્સિટી</u>** ધ્વારા અપાતા ડિગ્રી/ડિપ્લોમાં જે ઉમેદવારોએ મેળવેલ હશે તેમને નીચે મુજબ વધુ ગુણ અપાશે.

| રક્ષા શકિત યુનિવર્સિટીની ડિગ્રી/ડિપ્લોમામાં મેળવેલ વર્ગ | મળવાપાત્ર વધારાના ગુણ (કોન્સ્ટેબલ) માટે | મળવાપાત્ર વધારાના ગુણ (પી.એસ.આઇ) માટે |
|---|---|---|
| ડીસ્ટીંકશન | ૦૫ | ૧૫ |
| પ્રથમ વર્ગ | ૦૪ | ૧૨ |
| બીજો વર્ગ | ૦૩ | ૦૯ |
| પાસ વર્ગ | ૦૨ | ૦૫ |

બાકીની માહિતી ઉમેદવારો ટૂંક સમયમાં આવનાર જાહેરાતમાં જોઇ શક્શે.

ઉપર મુજબની જોગવાઈઓ લક્ષમાં લઈને પોલીસદળમાં ભરતી થવા ઈચ્છતા ઉમેદવારોએ તેમની પરીક્ષાની તૈયારીઓ કરવાની રહેશે. ઉમેદવારોએ પૂરી નિષ્ઠાથી,પ્રમાણિકતાથી,કોઈપણ જાતના સીધા કે આડકતરા દબાણ લાવવાના,મેળવવાના કે કોઈપણ એવા પ્રયત્નો કર્યા સિવાય પરીક્ષાઓ આપવાની રહેશે.